## Our call to Young India…

Our call is to young India. It is the young who must be the builders of the new world, – not those who accept the competitive individualism, the capitalism or the materialistic communism of the west as India's future ideal, nor those who are enslaved to old religious formulas and cannot believe in the acceptance and transformation of life by spirit, but all who are free in mind and heart to accept a complete truth and labour for a greater ideal. They must be men who will dedicate themselves not to the past or the present but to the future.

CWCA-13-P.544 **– Sri Aurobindo**

Courtesy- Krishnendu:
Sri Aurobindo Ashram, Pondy.)

## યુવા ભારતને સાદ...

અમે યુવા ભારતને સાદ દઈએ છીએ, યુવાનોએ જ નૂતન વિશ્વનું નિર્માણ કરવાનું છે; – તે નહિ જે સ્પર્ધાત્મક વ્યક્તિવાદને, મૂડીવાદને કે પશ્ચિમના જડવાદી સામ્યવાદને ભારતના ભાવિ આદર્શ તરીકે સ્વીકારે છે, તે પણ નહિ જે જૂની ધાર્મિક રૂઢિઓના ગુલામ બની રહ્યા છે, અને આત્માના સ્વીકાર દ્વારા જીવનના રૂપાંતરમાં માન્યતા ધરાવતા નથી. પરંતુ તેઓ જે મન અને હૃદયથી પૂર્ણ સત્યને સ્વીકારવાને મુક્ત છે અને મહાન આદર્શ માટે પરિશ્રમ કરે છે. તે એવા માનવો હોવા જોઈએ જે પોતાનું જીવન ભૂત કે વર્તમાનને નહિ પરંતુ ભવિષ્યને અર્પણ કરે.

**– શ્રી અરવિન્દ**

**©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.**
**FROM: SRI AUROBINDO KENDRA,**
**MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9**
**https://themothersprosperity.org**

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2026**
**AUGUST**
**૧ ઑગસ્ટ, ૨૦૨૬**



## Thine is all our life...
**August 15, 1913**

O Divine Master, for Thee is our life, our thought, our love, all our being. Take back possession of Thy own; for Thou art ourselves in our real being.

Prayers and meditations (1941 edition) **– The Mother**

## અમારું જીવન તારું પોતાનું છે...
**ઑગસ્ટ ૧૫, ૧૯૧૩**

હે દિવ્ય ગુરુ, અમારું જીવન, અમારા વિચારો, અમારો પ્રેમ, અમારું સારુંયે સ્વરૂપ તારા અર્થે જ છે, જે તારું પોતાનું છે તેનો કબજો તું પાછો લઈ લે, કેમકે અમારા સાચા સ્વરૂપમાં તો તું જ અમારા રૂપે છે.

‘પ્રાર્થનાઓ અને ધ્યાન’ **– શ્રી માતાજી**

## How to remain silent…

From the point of view of individual development and for those who are still at the beginning of the path, to know how to remain silent before what one does not understand is one of the things which would help most in the progress – to know how to remain silent, not only externally, without uttering a word, but also to know how to be silent within, so that the mind does not assert its ignorance with its usual presumptuousness, does not try to understand with an instrument that is incapable of understanding, that it may know its own weakness and open simply, quietly, waiting until the time has come for it to receive the light, because only the Light, the true Light, can give it understanding. It is not all that it has learnt nor all that it has observed nor all its so-called experience of life, it is something else which is completely beyond it. And until this something else – which is the expression of the Grace – manifests within it, if, very quietly, very modestly the mind remains silent and does not try to understand and, above all, to judge, things would go much faster.

The noise made by all the words, all the ideas in your head is so deafening that it prevents you from hearing the truth when it wants to manifest.

To learn to be quiet and silent… When you have a problem to solve, instead of turning over in your head all the possibilities, all the consequences, all the possible things one should or should not do, if you remain quiet with an aspiration for goodwill, the solution comes very quickly.

From The Mother's talks on The Life Divine
P.145 – Ed. 1989

**– The Mother**

## કેવી રીતે શાન્ત રહેવું…

વ્યક્તિના અંગત વિકાસની દૃષ્ટિએ અને જેઓ હજુ સાધનાની પ્રાથમિક અવસ્થામાં છે તેમને માટે, જેના વિષે તેઓ કાંઈ સમજતા નથી તે બાબતમાં કેમ ચૂપ રહેવું એ જાણવાથી તેમને સાધનાની પ્રગતિમાં ઘણી મદદ મળશે – માત્ર બાહ્ય રીતે કશું બોલ્યા વગર શાંત રહેવું એટલું જ નહિ, પરંતુ આંતરિક રીતે કેવી રીતે શાંત રહેવું તે જાણવું એટલું જ જરૂરી છે, જેથી મન, તેની ટેવ મુજબ, તેની સર્વ કાંઈ પૂર્વધારણાઓ યુક્ત અજ્ઞાનને તેમાં દાખલ ન કરે, કે તે તેના સમજવાને અક્ષમ એવાં સાધનો વડે તેને સમજવાનો પ્રયત્ન ન કરે. અને તે શાંત અવસ્થામાં મન પોતાની ઉણપો જાણે તથા સહજ અને શાંત રીતે પ્રકાશની પ્રાપ્તિની ક્ષણની પ્રતીક્ષા કરે. કારણ કે માત્ર પ્રકાશ, પ્રભુનો પ્રકાશ જ સાચી સમજશક્તિ આપી શકે છે. આ પ્રકાશ એટલે વ્યક્તિ જે કાંઈ ભણી છે, સમજી છે કે તેણે જે નિરીક્ષણ કર્યું છે તે નહિ, વળી જીવનના કહેવાતા અનુભવો પણ નહિ. તે 'કાંઈક' આ સર્વથી તદ્દન પર છે. અને જ્યાં સુધી આ કાંઈક – જે પ્રભુકૃપાની અભિવ્યક્તિ છે – સાધકના અંતરમાં પ્રગટે છે ત્યારે, મન જો શાંતિથી નમ્રતાપૂર્વક ચૂપ રહે અને કાંઈ સમજવાનો પ્રયત્ન ન કરે કે તે અભિવ્યક્તિને ચકાસવાનો કે પારખવાનો પ્રયાસ ન કરે તો વસ્તુઓ વધુ ઝડપથી પ્રગતિ કરે છે.

શબ્દો અને મસ્તિષ્કમાં રહેલા વિચારો દ્વારા થતો ઘોંઘાટ તમને એટલા બહેરા બનાવી દે છે કે સત્ય જયારે પ્રગટ થવા માંગતું હોય ત્યારે તમે તેને સાંભળી શકતા નથી. અચંચળ અને શાંત કેવી રીતે રહેવું તે શીખવા માટે… જયારે તમારે કોઈ સમસ્યાનું સમાધાન શોધવાનું હોય ત્યારે મસ્તિષ્કમાં બધી શક્યતાઓ, બધાં જ પરિણામો, દરેક કરવા યોગ્ય કે ન કરવાયોગ્ય કાર્ય ઉપર વિચાર કરવાને બદલે જો તમે અક્ષુબ્ધ અને શાંત રહીને શુભભાવથી અભીપ્સા કરતા રહો તો સમાધાન બહુ ઝડપથી આવી જાય છે.

'The Life Divine' ઉપરના શ્રી માતાજીના વાર્તાલાપોમાંથી

**– શ્રી માતાજી**